૦ થી ૫ વર્ષના બાળકોના ECMP Kitથી આધાર કાર્ડની નોંધણી, આધાર કાર્ડની કામગીરી માટે રાખવામાં આવેલ રાજ્ય/જીલ્લાના સ્ટાફના પગાર ભથ્થા તેમજ અન્ય ખર્ચ કરવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/ 2022/0019/B (ICDS) તા. ૧૨/૦૯/૨૦૨૨

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/ 2022/1134/B (ICDS) તા: ૧૩/૦૪/૨૦૨૩

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/ 2022/0019/B (ICDS) તા. ૦૬/૦૯/૨૦૨૩

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીનો તા.૧૩/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ICDS/ADHAR/e-file/257/2022/0002/Infrastructure

આમુખ:

વંચાણે લીધા (૧), (૨) અને (૩) થી ECMP Kitથી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કન્સલટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને આપવામાં આવતા પગારભથ્થાનો ખર્ચ સદર કામગીરી માટે ખોલવામાં આવેલ બેંક ઓફ બરોડાના બેંક એકાઉન્ટમાં જમાં થતી ઇનસેન્ટીવની રકમમાંથી અનુક્રમે એપ્રિલ-૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૨ અને જાન્યુઆરી ૨૦૨૩ થી જૂન ૨૦૨૩ તેમજ જુલાઇ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીના પગાર ભથ્થા ચૂકવવા મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ (૪) થી એપ્રિલ ૨૦૨૪થી ભારત સરકાર જ્યાં સુધી મહિલા અને બાળ વિકાસ વિભાગને આધાર કામગીરી બંધ કરવાનુ ન જણાવે ત્યાં સુધી રાજ્યકક્ષાની, જીલ્લાકક્ષાની અને બ્લોકકક્ષાની જગ્યાઓના પગાર ચુકવણા તથા આધાર કામગીરી અંતર્ગત આધાર કીટોની જાળવણી, પગાર ચુકવણા અને અન્ય તમામ આનુષાંગિક ખર્ચ UIDAI તરફથી બેંકમા જમા થતી રકમમાથી ખર્ચ કરવા તેમજ રાજ્યકક્ષાએ આધાર બેન્ક અકાઉન્ટમાંથી સફળ આધાર નોંધણી દિઠ મળનાર રકમમાંથી ખર્ચ કરવા અંગેની મંજૂરી આપવા આધાર કમિટીની રચના કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આથી પુખ્ત વિચારણાના અંતે એપ્રિલ ૨૦૨૪થી ભારત સરકાર જ્યાં સુધી મહિલા અને બાળ વિકાસ વિભાગને આધાર કામગીરી બંધ કરવાનુ ન જણાવે ત્યાં સુધી રાજ્યકક્ષાની, જીલ્લાકક્ષાની અને બ્લોકકક્ષાની જગ્યાઓના નીચે કોષ્ટક મુજબ પગાર ચુકવણા તેમજ અન્ય તમામ આધાર કામગીરીના આનુષાંગિક ખર્ચ આધાર બેંક એકાઉન્ટમાંથી કરવા અંગેની મંજૂરી આપવા તથા સદર ખર્ચ UIDAI તરફથી જમા થતી રકમ આધાર એનરોલમેન્ટ એકાઉન્ટ, આઇસીડીએસ, ગુજરાતનું એકાઉન્ટ બેંક ઓફ બરોડામાંથી ચૂકવવા મંજૂરી આપવામાં આવે છે. તેમજ નીચેના કોષ્ટક મુજબ UIDAI દ્વારા પ્રતિ સફળ આધાર નોંધણી દિઠ મળનાર રૂ.૫૦માંથી નીચે મુજબ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

| હોદ્દો/સ્તર | રૂપિયા |
|---|---|
| બ્લોકવાઇઝ ફાળવેલ ૪૨૬ આધાર નોંધણી ઓપરેટરોના માનદવેતન (આઉટસોર્સિંગ) | રૂ.૩૦/- |
| જીલ્લા કક્ષાએ ૩૩ આધાર કન્સલ્ટંટોના માનદવેતન (આઉટસોર્સિંગ) | રૂ.૫/- |
| જીલ્લા કક્ષાએ અન્ય આવશ્યક વહીવટી ખર્ચ (પ્રિંટર રિપેરીંગ, રિફલિંગ, સ્ટેશનરી, આધારકિટના અન્ય ડિવાઇઝ રિપેરીંગ માટેનાં ખર્ચ અને આધાર કિટને લગત નવા ઇન્સ્ટ્રુમેન્ટ અને આધાર કીટના ડોંગલ ડેટા રીચાર્જ ખર્ચ) | રૂ.૩/- |

| | |
|---|---|
| નિયામકશ્રી, આઇસીડીએસ એનરોલમેન્ટ એજન્સીની આધાર કામગીરી<br>રાજ્ય કક્ષાએ આધાર સ્ટાફના પગાર ચુકવણા (પ્રો.મેનેજર-૧, ડેટા ઓપરેટર-૨) | ૩.૫/- |
| રાજ્ય કક્ષાએ અન્ય આવશ્યક વહીવટી ખર્ચ (C.A Audit, સારી કામગીરી માટે ઓપરેટરને પ્રોત્સાહન રકમ, આધાર સેલ માટે ભાડાનુ વાહન, આધાર મીટીંગ/ટ્રેનીંગ, ખરીદી અને અન્ય ખર્ચ) | ૩.૭/- |
| કુલ | ૩.૫૦/- |

રાજ્યકક્ષાએ આધાર બેન્ક અકાઉન્ટમાંથી સફળ આધાર નોંધણી દિઠ મળનાર રકમમાંથી ખર્ચ કરવા અંગેની મંજૂરી આપવા નીચે જણાવેલ અધિકારીશ્રીઓની આધાર કમિટીની રચના કરવા મંજૂરી આપવામાં આવે છે.

૧) કમિશ્નરશ્રી/નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), અધ્યક્ષ

૨) સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (આઇ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ), સભ્ય

૩) નાયબ નિયામકશ્રી (નાણા), સભ્ય

૪) નાયબ નિયામકશ્રી (યોજના), સભ્ય

૫) મદદનીશ નિયામકશ્રી (આઇ.ટી.), સભ્ય

૬) મદદનીશ નિયામકશ્રી (આધાર), સભ્ય સચિવ

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૫/૨૦૨૪ અને ચૂંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.દેસાઇ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૬. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

૭. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત

૮. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ

૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી (અમદાવાદ/રાજકોટ)

૧૦. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)

૧૨. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે જિલ્લા પંચાયત કચેરી................

૧૩. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન.................

૧૪. સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

૧૫. સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:R K DESAI
Section Officer (I/C)
Date: 2024.05.29
11:50:19 +05:30